# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## પંચાયત સેવાના કર્મચારીઓની નાયબ ચીટનીશ (પંચાયત સેવા) તથા વિસ્તરણ અધિકારી (પંચાયત/ખેતી/સહકાર) વર્ગ-૩/તાલુકા પંચાયત અધિકારીની ખાતાકીય પરીક્ષા-૨૦૨૧-૨૨ અન્વયે ઉમેદવારો માટેની સામાન્ય સુચના

૧/- ખાતાકીય પરીક્ષા ૨૦૨૧-૨૨માં બેસવા માટે આપે કરેલ આવેદનપત્ર/અરજી અન્વયે ઉકત ખાતાકીય પરીક્ષામાં પરીક્ષાર્થી તરીકે આપની અરજી મંડળ ધ્વારા સ્વીકારવામાં આવેલ છે. તમોને સદરહુ ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેની પ્રોવીઝનલ મંજૂરી આપવામાં આવે છે. આ સાથે પ્રવેશપત્ર-ઓળખપત્ર કમ હાજરીપત્રક (હોલ ટીકીટ) આપશ્રીને આપવામાં આવેલ છે, જેના પર કચેરીના વડાના સહી સિક્કા કરાવીને અસલમાં પરીક્ષા વખતે ફરજીયાત સાથે લાવવાનું રહેશે. આપે પરીક્ષાના દિવસે પરીક્ષાના સમયપત્રકમાં દર્શાવેલ તારીખે નિયત પરીક્ષા સમયના એક કલાક પહેલા પરીક્ષા કેન્દ્ર ખાતે સમયસર હાજર થવાનું રહેશે.

આ પરીક્ષામાં આપનો બેઠક ક્રમાંક પ્રવેશપત્ર-ઓળખપત્ર કમ હાજરીપત્રકમાં દર્શાવેલ છે. જે આપે પરીક્ષા સમયે ઉત્તરવહીમાં યોગ્ય સ્થળે દર્શાવવાનો રહેશે. બેઠક ક્રમાંક લખવામાં ભુલ થશે તો આપની ઉત્તરવહી કોમ્પ્યુટર ધ્વારા ચકાસવામાં નહી આવે, આ બાબતે ખાસ ધ્યાન રાખવું.

આ સાથે ખાતાકીય પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ, ખાતાકીય પરીક્ષામાં બેસનાર કર્મચારીઓની બેઠક વ્યવસ્થા તથા ખાતાકીય પરીક્ષાની સુચનાઓ નીચે મુજબ છે.

| અનુ. નંબર | સેન્ટરનુ નામ | પરીક્ષા કેન્દ્રના નામ-સરનામા | સદર સેન્ટરમાં સમાવિષ્ટ જિલ્લા પંચાયતના કર્મચારીઓ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ધી એચ.બી.કાપડીયા, ન્યુ હાઇસ્કુલ, તીર્થનગર વિભાગ-૧ ની સામે,ગુરૂકુલ રોડ, મેમનગર અમદાવાદ-૩૮૦૦૫૨ | (૧) અમદાવાદ<br>(૨) ગાંધીનગર<br>(૩) સાબરકાંઠા<br>(૪) અરવલ્લી |
| ૨ | મહેસાણા | (૧) અર્બન પ્રોગેસીવ ગર્લ્સ હાઇસ્કુલ, અભિષેક બિલ્ડીંગ, કોગ્રેસ ભવનની બાજુમાં મહેસાણા-૧.<br>(૨) ટી.જે હાઇસ્કુલ-મહેસાણા, કોગ્રેસ ભવનની સામે મહેસાણા-૧. | (૧) મહેસાણા<br>(૨) પાટણ<br>(૩) બનાસકાંઠા |
| ૩ | પંચમહાલ | કલરવ સ્કુલ, સનરાઇઝ હોસ્પિટલની પાછળ, દાહોદ રોડ, વાવડી બુઝર્ગ-ગોધરા, જિ.પંચમહાલ | (૧) પંચમહાલ<br>(૨) મહિસાગર<br>(૩) દાહોદ |
| ૪ | આણંદ | મહાત્મા ગાંધી વિધ્યાલય-મોગરી<br>મહાત્મા ગાંધી વિધ્યાલય કેમ્પસ,મોગરી, જનતા ચોકડી પાસે, તા.જી.આણંદ | (૧) આણંદ<br>(૨) ખેડા |
| ૫ | વડોદરા | (૧) નવજીવન હાઇસ્કુલ, પોલો ગ્રાઉન્ડ, વડોદરા<br>(૨) બરોડા હાઇસ્કુલ, બાગીખાના, વડોદરા<br>(૩) શ્રેયસ વિદ્યાલય, પોલોગ્રાઉન્ડ, વડોદરા | (૧) વડોદરા<br>(૨) છોટાઉદેપુર<br>(૩) ભરૂચ<br>(૪) નર્મદા |

| | | | |
|---|---|---|---|
| ૬ | સુરત | આર.ડી ઘાયેલ જીવન ભારતી હાઇસ્કુલ, ગાંધીસ્મૃતિ હોલની સામે, નાનપુરા, ટીમલીયાવાડ, સુરત | (૧) સુરત<br>(૨) ડાંગ<br>(૩) તાપી<br>(૪) નવસારી<br>(૫) વલસાડ |
| ૭ | રાજકોટ | (૧) સૌરાષ્ટ યુનિવર્સીટી, કન્વેન્શનલ બીલ્ડીંગ, રૂમ નં.૦૨, સૌરાષ્ટ યુનિવર્સીટી કેમ્પસ, રાજકોટ<br>(૨) સૌરાષ્ટ યુનિવર્સીટી, કન્વેન્શનલ બીલ્ડીંગ, રૂમ નં.૦૩, સૌરાષ્ટ યુનિવર્સીટી કેમ્પસ, રાજકોટ<br>(૩) સૌરાષ્ટ યુનિવર્સીટી, કન્વેન્શનલ બીલ્ડીંગ, રૂમ નં.૦૬, સૌરાષ્ટ યુનિવર્સીટી કેમ્પસ, રાજકોટ<br>(૪) સૌરાષ્ટ યુનિવર્સીટી, કન્વેન્શનલ બીલ્ડીંગ, રૂમ નં.૦૮, સૌરાષ્ટ યુનિવર્સીટી કેમ્પસ, રાજકોટ<br>(૫) સૌરાષ્ટ યુનિવર્સીટી, કન્વેન્શનલ બીલ્ડીંગ, રૂમ નં.૦૯, સૌરાષ્ટ યુનિવર્સીટી કેમ્પસ, રાજકોટ | (૧) રાજકોટ<br>(૨) મોરબી<br>(૩) સુરેન્દ્રનગર<br>(૪) કચ્છ<br>(૫) જામનગર<br>(૬) દેવભૂમિ ધ્વારકા |
| ૮ | જુનાગઢ | શ્રી તક્ષશિલા વિદ્યાલય, ગોપાલધામ, મધુરમ, વંથલી રોડ, જુનાગઢ | (૧) જુનાગઢ<br>(૨) ગીર સોમનાથ<br>(૩) પોરબંદર |
| ૯ | ભાવનગર | સરકારી માજીરાજ ગર્લ્સ હાઈસ્કુલ, હલુરીયા ચોક,ભાવનગર- | (૧) ભાવનગર<br>(૨) અમરેલી<br>(૩) બોટાદ |

નાયબ ચીટનીશ (પંચાયત સેવા) તથા વિસ્તરણ અધિકારી (પંચાયત/ખેતી/સહકાર) વર્ગ-૩/તાલુકા પંચાયત અધિકારીની ખાતાકીય પરીક્ષા-૨૦૨૧-૨૨ નો વિગતવાર કાર્યક્રમ:-

| પ્રશ્નપત્ર ક્રમાંક | ખાતાકીય પરીક્ષાની તારીખ | પરીક્ષાનો સમય |
|---|---|---|
| ૧ (એક) | તા.૦૭/૦૧/૨૦૨૨-શુક્રવાર | બપોરે-૧૫.૦૦ થી ૧૮.૦૦ |
| ૨ (બે) | તા.૦૮/૦૧/૨૦૨૨-શનિવાર | સવારે-૧૧.૦૦ થી ૧૪.૦૦ |
| ૩ (ત્રણ) | તા.૦૮/૦૧/૨૦૨૨-શનિવાર | બપોરે-૧૫.૦૦ થી ૧૮.૦૦ |
| ૪ (ચાર) | તા.૦૯/૦૧/૨૦૨૨-રવિવાર | સવારે-૧૧.૦૦ થી ૧૪.૦૦ |
| ૫ (પાંચ) | તા.૦૯/૦૧/૨૦૨૨-રવિવાર | બપોરે-૧૫.૦૦ થી ૧૮.૦૦ |

નાયબ ચીટનીશ (પંચાયત સેવા) તથા વિસ્તરણ અધિકારી (પંચાયત/ખેતી/સહકાર) વર્ગ-૩/તાલુકા પંચાયત અધિકારીની ખાતાકીય પરીક્ષા પરીક્ષામાં બેસનાર કર્મચારીઓની બેઠક વ્યવસ્થા નીચે મુજબ છે.

| ક્રમ | પરીક્ષા કેન્દ્ર | પરીક્ષાના પ્રશ્નપત્ર | બેઠક નંબર | પરીક્ષા કેન્દ્રનું સરનામું |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | પ્રશ્નપત્ર ૧ થી ૫ | ૧૦૦૧ થી ૧૪૫૩ | ધી એચ.બી.કાપડીયા, ન્યુ હાઇસ્કુલ, તીર્થનગર વિભાગ-૧ ની સામે,ગુરૂકુલ રોડ, મેમનગર અમદાવાદ-૩૮૦૦૫૨ |
| ૨ | મહેસાણા | પ્રશ્નપત્ર ૧ થી ૫ | ૧૪૫૪ થી ૧૮૧૩<br><br>૧૮૧૪ થી ૨૧૦૪ | (૧) અર્બન પ્રોગેસીવ ગર્લ્સ હાઇસ્કુલ, અભિષેક બિલ્ડીંગ, કોગ્રેસ ભવનની બાજુમાં મહેસાણા-૧.<br><br>(૨) ટી.જે હાઇસ્કુલ-મહેસાણા, કોગ્રેસ ભવનની સામે મહેસાણા-૧. |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | પંચમહાલ | પ્રશ્નપત્ર ૧ થી ૫ | ૨૧૦૫ થી ૨૫૧૯ | કલરવ સ્કુલ, સનરાઇઝ હોસ્પિટલની પાછળ, દહોદ રોડ, વાવડી બુઝર્ગ-ગોધરા, જિ.પંચમહાલ |
| ૪ | આણંદ | પ્રશ્નપત્ર ૧ થી ૫ | ૨૫૨૦ થી ૨૮૯૨ | મહાત્મા ગાંધી વિધ્યાલય-મોગરી<br>મહાત્મા ગાંધી વિધ્યાલય કેમ્પસ,મોગરી, જનતા ચોકડી પાસે, તા.જી.આણંદ |
| ૫ | વડોદરા | પ્રશ્નપત્ર ૧ થી ૫ | ૨૮૯૩ થી ૩૧૯૨<br>૩૧૯૩ થી ૩૪૯૨<br>૩૪૯૩ થી ૩૬૨૪ | (૧) નવજીવન હાઇસ્કુલ, પોલો ગ્રાઉન્ડ, વડોદરા<br>(૨) બરોડા હાઇસ્કુલ, બાગીખાના, વડોદરા<br>(૩) શ્રેયસ વિદ્યાલય, પોલોગ્રાઉન્ડ, વડોદરા |
| ૬ | સુરત | પ્રશ્નપત્ર ૧ થી ૫ | ૩૬૨૫ થી ૪૨૪૧ | આર.ડી ઘાયેલ જીવન ભારતી હાઇસ્કુલ, ગાંધીસ્મૃતિ હોલની સામે, નાનપુરા, ટીમલીયાવાડ, સુરત |
| ૭ | રાજકોટ | પ્રશ્નપત્ર ૧ થી ૫ | ૪૨૪૨ થી ૪૪૨૧<br>૪૪૨૨થી ૪૬૦૧<br>૪૬૦૨ થી ૪૭૮૧<br>૪૭૮૨ થી ૪૯૬૧<br>૪૯૬૨ થી ૫૦૮૫ | (૧) સૌરાષ્ટ યુનિવર્સીટી, કન્વેન્શનલ બીલ્ડીંગ, રૂમ નં.૦૨, સૌરાષ્ટ યુનિવર્સીટી કેમ્પસ, રાજકોટ<br>(૨) સૌરાષ્ટ યુનિવર્સીટી, કન્વેન્શનલ બીલ્ડીંગ, રૂમ નં.૦૩, સૌરાષ્ટ યુનિવર્સીટી કેમ્પસ, રાજકોટ<br>(૩) સૌરાષ્ટ યુનિવર્સીટી, કન્વેન્શનલ બીલ્ડીંગ, રૂમ નં.૦૬, સૌરાષ્ટ યુનિવર્સીટી કેમ્પસ, રાજકોટ<br>(૪) સૌરાષ્ટ યુનિવર્સીટી, કન્વેન્શનલ બીલ્ડીંગ, રૂમ નં.૦૮, સૌરાષ્ટ યુનિવર્સીટી કેમ્પસ, રાજકોટ<br>(૫) સૌરાષ્ટ યુનિવર્સીટી, કન્વેન્શનલ બીલ્ડીંગ, રૂમ નં.૦૯, સૌરાષ્ટ યુનિવર્સીટી કેમ્પસ, રાજકોટ |
| ૮ | જુનાગઢ | પ્રશ્નપત્ર ૧ થી ૫ | ૫૦૮૬ થી ૫૩૮૧ | શ્રી તક્ષશિલા વિદ્યાલય, ગોપાલધામ, મધુરમ, વંથલી રોડ, જુનાગઢ |
| ૯ | ભાવનગર | પ્રશ્નપત્ર ૧ થી ૫ | ૫૩૮૨ થી ૫૬૯૪ | સરકારી માજીરાજ ગર્લ્સ હાઇસ્કુલ, હલુરીયા ચોક,ભાવનગર-૩૬૪૦૦૧ |

<u>વિશેષ સુચનાઓ:-</u>

૧. દરેક ઉમેદવારને મંડળ/જિલ્લા પંચાયત તરફથી આપવામાં આવેલ અધિકૃત કોલલેટર (પ્રવેશપત્ર-ઓળખપત્ર કમ હાજરીપત્રક (હોલ ટીકીટ)) દરેક ઉમેદવારે દરેક પ્રશ્નપત્ર વખતે ફરજિયાત લાવવાનું રહેશે અને તેમાં દરેક પ્રશ્નપત્ર આપતી વખતે સંબધિત ઇન્વીજીલેટરની સહી કરાવવાની રહેશે અને ઉમેદવારે પોતે પણ સહિ કરવાની રહેશે. પ્રશ્નપત્ર પુરૂ થાય ત્યારે ઉમેદવારે આ કોલલેટર (પ્રવેશપત્ર-ઓળખપત્ર કમ હાજરીપત્રક (હોલ ટીકીટ)) પોતાની સાથે લઇ જવાના રહેશે અને તે પછીના પ્રશ્નપત્ર આપવા આવે ત્યારે પુન: સાથે લાવવાનું રહેશે. આ કોલલેટર (પ્રવેશપત્ર-ઓળખપત્ર કમ હાજરીપત્રક (હોલ ટીકીટ)) નહી હોય તો પરીક્ષા કેન્દ્ર ખાતે પ્રવેશ મળશે નહિ તેની ઉમેદવારે ખાસ નોંધ લેવી.

૨. આ ખાતાકીય પરીક્ષામાં આપને આપના ધ્વારા તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ધ્વારા રજુ થયેલ માહિતીના આધારે પ્રોવીઝનલ પ્રવેશ આપવામાં આવે છે. જો આપ સદરહું ખાતાકીય પરીક્ષા માટે યોગ્ય/માન્ય લાયકાત નહી ધરાવતા હોય તો મંડળ કોઇપણ સમયે આપને ગેરલાયક ઠરાવી શકશે તેમજ અન્ય નિયમાનુસારની કાર્યવાહી કરી શકશે.

૩. વિગતવાર બેઠક વ્યવસ્થા પરીક્ષા શરૂ થવાના એક કલાક પહેલા પરીક્ષા સ્થળે જોઇ શકાશે.

૪. દરેક પ્રશ્નપત્ર કુલ-૧૦૦ માર્કસનું રહેશે અને દરેક પ્રશ્નપત્રમાં કુલ-૧૦૦ પ્રશ્નો હેતુલક્ષી પ્રકારના રહેશે,જેના ચાર વૈકલ્પિક જવાબો હશે જેમાંથી આપે સાચો જવાબ પસંદ કરવાનો રહેશે.

૫. આ ખાતાકીય પરીક્ષા માટે માઇનસ માર્કિંગ પધ્ધતિ રહેશે નહિ, એટલે કે ખોટા જવાબ માટે કોઇ ગુણ કાપવામાં આવશે નહી.

૬. એક કરતાં વધારે વિકલ્પો જવાબમાં દર્શાવેલ હશે, તો તેવા પ્રશ્ન માટે કોઇ ગુણ મળશે નહી.

૭. પરીક્ષામાં પ્રશ્નપત્રમાં પ્રશ્નો વૈકલ્પિક જવાબો સ્વરૂપના રહેશે. જેમાં, આપને આપવામાં આવેલ ઓ.એમ.આર. શીટ પર આપે વાદળી/કાળી શાહીવાળી પેનથી સાચા જવાબ પરના ગોળાકાર વર્તુળમાં શાહીથી ઘાટ્ટુ રાઉન્ડ "●" કરવાનું રહેશે.

૮. ઉત્તરપત્રમાં લખવા માટે વાદળી/કાળી શાહીવાળી બોલપેનનો જ ઉપયોગ કરવો. પેન્સિલનો ઉપયોગ કર્યો હશે તો ક્ષતિયુકત ઓ.એમ.આર ઉત્તરપત્ર રદ ગણીને કોમ્પ્યુટર ઉત્તરપત્ર ચકાશશે નહી, જેની જવાબદારી ઉમેદવારની  રહેશે, જેની નોંધ લેવી.

૯. આપને આપવામાં આવેલ ઓ.એમ.આર શીટ ફાટી ગયેલ/ડાઘાવાળી હોય તેવા સંજોગોમાં બ્લોક સુપરવાઇઝર/રૂમ નિરીક્ષકનું ધ્યાન દોરી ઓ.એમ.આર શીટ બદલવા અંગે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

૧૦. આપે પરીક્ષા શરૂ થવાના નિયત સમયથી ૩૦ મિનીટ પહેલા પરીક્ષા ખંડમાં અચુક પ્રવેશ મેળવી લેવો. પરીક્ષા શરૂ થયા બાદ ઉમેદવારને પરીક્ષા ખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહી.આ હેતુલક્ષી પરીક્ષા હોવાથી પરીક્ષાનો સમય પુરો ન થાય ત્યા સુધી પરીક્ષા ખંડ છોડી શકાશે નહી.

૧૧. ઓ.એમ.આર. શીટ ઉપર આપને લગતી જરૂરી માહિતી આપે ભરવાની રહેશે અને ઇન્વીજીલેટરની સહી તેમાં અચુક મેળવવાની રહેશે.

૧૨. પરીક્ષા શરૂ થયા બાદ આપને પરીક્ષા ખંડ છોડવા દેવામાં આવશે નહીં.

૧૩. પરીક્ષા દરમિયાન ગેરરીતિ/ગેર શિસ્ત આચરવી, પરીક્ષાના સંચાલનમાં અડચણ ઉભી કરવી, ગેર વર્તણૂંક કરવી, બિન અધિકૃત પુસ્તકો/કાગળ/સાહિત્ય સાથે રાખવા, મોબાઇલ, કેલ્ક્યુલેટર કે અન્ય વિજાણું સાધનો સાથે રાખવા, અન્ય ઉમેદવાર સાથે વાતચીત કરવી/ચોરી/કોપી કરવાનો પ્રયાસ કરવો, સરકારશ્રી ધ્વારા નિયત કરેલ પુસ્તકો સિવાય ટીકા-ટીપ્પણી વાળા કે ગાઇડ જેવા પુસ્તકો સાથે રાખવા પર આવી બિન અધિકૃત વસ્તુઓ અને આપનું ઉત્તરપત્ર જપ્ત કરવામાં આવશે. તેમજ મંડળ ધ્વારા આપની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેવી.

૧૪. આપને આપવામાં આવેલ ઓળખપત્રમાં ઇન્વીજીલેટરની સહી મેળવવાની ખાસ કાળજી રાખવા નોંધ લેવી.

૧૫. પ્રશ્નોના જવાબ લખતા પહેલા **OMR Sheet** તથા પ્રશ્નપત્ર ઉપર દર્શાવેલી સુચનાઓ ધ્યાનથી વાંચી, તેનો અમલ કરવાનો રહેશે. સદર સુચનાઓના અમલ ન કરવા બદલ આપની ઓ.એમ.આર શીટ-ઉત્તરપત્ર કોમ્પ્યુટર ધ્વારા ચકાસાશે નહી, જેથી આ અંગે પુરતી કાળજી લેવી.

૧૬. કોરોના વાઇરસ-૨૦૧૯ના સંદર્ભમાં સરકારશ્રી ધ્વારા બહાર પાડવામાં આવેલ માસ્ક, સેનેટાઇઝર, સોશીયલ ડીસ્ટન્સીંગ વિગેરેને લગતી ગાઇડલાઇન્સનું  ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૭. દરેક પરીક્ષાર્થીએ પીવાનું પાણી પારદર્શક બોટલમાં જાતે લાવવાનું રહેશે.

૧૮. પરીક્ષા કેન્દ્ર ખાતે થુંકવા તેમજ પાન-મસાલા, ગુટખાના સેવન પર સંપુર્ણપણે પ્રતિબંધ રહેશે.

૧૯. કોરોના **(Covid-19)** પોઝીટીવ હોય તેવા પરીક્ષાર્થી/ઉમેદવારો સ્વાભાવીક રીતે પોતાના ઘરમાં ક્વોરેન્ટાઇન હશે અથવા હોસ્પિટલમાં દાખલ થયેલ હશે. જેથી કોવીડ પોઝીટીવ પરીક્ષાર્થીઓને પરીક્ષા કેન્દ્ર ખાતે પ્રવેશ આપવાનો પ્રશ્ન રહેશે નહિ, તેમજ તેમને પ્રવેશ આપી શકાશે નહિ. કોવીડ પોઝીટીવ હોય તેવા પરીક્ષાર્થીઓ ની ખાતાકીય પરીક્ષા ૨૦૨૧-૨૨માં ''તક'' ન ગણવા અંગે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એ જરૂરી આધાર-પૂરાવા સાથે મંડળને દરખાસ્ત કરવાની રહેશે, જેમાં મંડળ આધાર-પૂરાવા યોગ્ય હશે તો આવા પરીક્ષાર્થીઓની ''તક'' નહી ગણવા નિર્ણય કરશે.

..............................................x..................................................x..................................................